## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી... કેમેરાવાળા આવી ગયા છે... ધ્યાન ચાલુ કરી દો...

## અમદાવાદમાં ઝાડા-ઊલટીના ૬૭૯ કેસ

અમદાવાદ શહેરમાં વધતી જતી ગરમી વચ્ચે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ઉનાળાની સિઝનના અનુસંધાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ફ્લાઈંગ સ્કવોર્ડ વિભાગ દ્વારા અલગ અલગ ઝોનમાં ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ જુદા જુદા ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમુના લઈને ચકાસણી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં માત્ર ૧૮ દિવસના ગાળામાં જ ઝાડા-ઉલ્ટીના ૬૭૯ અને ટાઈફોઈડના ૨૬૦ કેસ સપાટી પર આવ્યા છે. કમળાના ૧૧૪ કેસ નોંધાઈ ગયા છે. અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગ જેમ કે ડેન્ગ્યુ, ચિકનગુનિયાના આંકડા ઉપર નજર કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૮ દિવસના ગાળામાં સત્તાવાર રીતે ૧૮૪ કેસ અને ઝેરી મેલેરીયાના ૧૦ કેસ નોંધાઈ ગયા છે. મે ૨૦૧૮માં ૧૦૩૨૪૧ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. જેની સામે ૧૮મી મે ૨૦૧૯ સુધીમાં ૫૩૩૪૩ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી ચુકી છે.

# ચંદ્રાલા પાસે લકઝરી બસની પાછળ સ્વીફટ ઘુસી જતા એકનું મોત

### મુંબઈનો પરિવાર રાજસ્થાન કુળદેવતાના દર્શન કરી, પરત ફરી રહ્યો હતો ત્યારે ચંદ્રાલા પાસે અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા. ૨૦

મુંબઈનો પરિવાર રાજસ્થાનના રાજસમદ કુળદેવતના દર્શન કરી પરત ફરી રહ્યા હતો ત્યારે ગતરોજ રાત્રીના સુમારે અકસ્માત નડ્યો હતો. ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર ચંદ્રાલા ગામ પાસે સ્વીફ્ટ ડીઝાયર - લકઝરી બસની પાછળ ધડાકાભેર ઘુસી ગઈ હતી. લકઝરી બસની પાછળ કાર ધડાકાભેર અથડાતા કારમાં સવાર મુસાફરોને ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં હાજર તબિબે મુકેશ ગંભીરમલ કોઠારીને મૃત જાહેર કર્યા હતા. જયારે ફરીયાદીને જમણા હાથે ફ્રેકચર થયું હતું જયારે અન્ય બે મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે મૃતકના ભાઈએ ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુંબઈમાં ભવાની જવેલર્સની દુકાન ધરાવતા અને રહે.૧૦૦૨ મોટા આદિનાથ ટાવર, એલવીએસ રોડ, ભાંડુ વેસ્ટ મુંબઈ ખાતે પોતાના પરિવાર સાથે રહેતા સુશિલ ગંભીરમલ કોઠારી ઉં.વ.૪૨ (મુળ રહે. ગાજપુર તા.રાજસમદ રાજસ્થાન) પૂનમ હોવાથી મુંબઈથી ગત તા. ૧૭ના રોજ કુળદેવતાના દર્શન કરવા માટે મોટાભાઈની ટ્રાવેલ્સ એજન્સીની સ્વીફટ ડીઝાયર ગાડી નં. જી.જે.૦૭. વાય.ઝેડ.-૩૧૬૬ લઈને નીકળ્યા હતા.રાજસ્થાનના રાજસમદ પહોંચી કુળદેવતાના દર્શન કરી ગત તા. ૧૮ ને સાંજના ૬ વાગ્યાના સુમારે ગાડીમાં સુશીલ ગંભીરમલ કોઠારી, મુકેશ ગંભીરમલ કોઠારી, કાકા નાનાલાલ લદીરામ કોઠારી અને ગામના મધુબેન રમેશબાઈ કોઠારી અમદાવાદ તરફ આવવા માટે નીકળ્યા હતા. ત્યારે ગત તા.૧૯ ના રોજ રાત્રીના ૧ કલાકના અરસામાં હિંમતનગર-ચિલોડા હાઈ વે પર આવેલ શિવશકિતની હોટલથી અગાળ ચંદ્રાલા ગામ તરફ જતા માર્ગ પર અચાનક સ્વીફ્ટ ડિઝાયરના ચાલકે કાર પુર ઝડપે બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી આગળ જઈ રહેલી લકઝરી બસને પાછળથી ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક નાગરીકો અને અન્ય વાહનચાલકો પણ મદદ માટે ઉભા રહી ગયા હતા.

કારમાં સવાર ઈજાગ્રસ્તનો તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબિબે મુકેશ ગંભીરમલ કોઠારીને મૃત જાહેર કર્યા હતા. જયારે સુશિલ કોઠારીને જમણા હાથે ફ્રેકચર થયું હતું.જયારે કાકા નાનાલાલ અને મધુબેનને સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે સુશીલ ગંભીરમલ કોઠારીની ફરીયાદ લઈ ગુનો નોંધી કાયેદસરી કાર્યવાહી હાથ ધરી છે.

# ગુરુજી એક્ઝિટ પોલ મેં કયા હુઆ ? "હુઆ તો હુઆ"

### એક્ઝિટ પોલ જાહેર થતાં જ ચૌરે ને ચૌટે તેની જ ચર્ચા : સોશિયલ મિડીયા પર ચબરાકિયાંની ધૂમ..!!!

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણીઓના છેલ્લાં તબક્કાનું મતદાન પુરૂ થતાં ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં એક્ઝિટ પોલ રજુ કરાયાં છે જેમાં મોટાભાગના એક્ઝિટ પોલમાં એનડીએને પૂર્ણ બહુમતી સાથે મોદી સરકાર ફરી રચવાના સંકેત આપ્યા છે. જોકે વિપક્ષ દ્વારા એક્ઝિટ પોલના દાવાઓને ફગાવી દેવામાં આવ્યાં છે. આમ બંને તરફ જીતના દાવાઓના મંડાણ વચ્ચે રજૂ થયેલા એક્ઝિટ પોલે ભારે ઉત્સુતકા જગાવી છે અને આજે સોમવારે શહેરમાં કચેરીઓ, દુકાનો વગેરેના પ્રારંભ સાથે જ ચૌરે ને ચૌટે એક્ઝિટ પોલની ચર્ચા જોવા મળી હતી. ચાની કિટલી હોય કે પાનનો ગલ્લો, સરકારી કચેરી હોય કે બેંકની શાખા, દુકાન હોય કે શૉ-રૂમ, બસ હોય કે શટલિયા જીપો દરેકમાં એક સવાલ પર ચર્ચાઓના દૌર શરૂ થઈ જતા જોવાયા છે તે સવાલ છે "શું લાગે છે તેમને ? એક્ઝિટ પોલ સાચા પડશે ?" અને આ સવાલના જવાબમાં સૌ કોઈ પોતપોતાના ગણિત, અભિપ્રાય કે અનુમાનો રજૂ કરે છે અને તેની પાછળનો તર્ક સમજાવતા જોવા મળે છે. બીજી તરફ સોશ્યલ મિડીયામાં પણ હર હંમેશની જેમ એક્ઝિટ પોલ જાહેર થતાં અવનવા ચબરાકિયાં ફરતા થવા લાગ્યાં છે જે નેટીઝન્સનું મનોરંજન કરી રહ્યાં છે, આવો આપણે પણ માણીએ તેમાંથી થોડાક...

- અત્યારે "સાહેબ" ધ્યાનમાં છે... પછી જેટલા સાહેબના ધ્યાનમાં હશે, એના ધોતીયાં ઢીલા..!!!"
- અબ યે કૌન અફવાહ ફૈલા રહા હૈ કે મોદીજી કેદારનાથ સે વિપક્ષ કે લીયે બર્ફ લેને ગયે હૈ, ક્યોંકી ૨૩ મઈ કો બર્નોલ કામ નહી કરેગા.
- એક્ઝિટ પોલમાં કોંગ્રેસને મોટો ફાયદો, .... રૂ. ૭૨ હજાર આપવા નહીં પડે..!!
- ગઠબંધનની યાદી જણાવે છે કે અમે "૨૪ મે"ના રોજ પ્રધાનમંત્રી નક્કી કરવા બેઠક રાખેલી તે હવે "મે ૨૪"માં રાખવામાં આવી છે.
- મોદી-કેદારનાથ, અમિત શાહ - સોમનાથ, યોગી - ગોરખનાથ, વિપક્ષ - અનાથ.
- કોંગ્રેસીઓકે લડ્ડુ કે ઓર્ડર હલવાઈ નહીં લે રહે હૈ... કહેતે હૈ પહેલે પુરા પૈસા એડવાન્સ દો ફીર બનાયેંગે લડ્ડુ.
- કાલે એક લીલી કેરી લાવ્યો હતો આજે એ "કેસરી" થઈ ગઈ. પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે, જેટલી લીલી છે તે બધી જ કેસરી થવાની એ સત્ય છે... અને હા, જે લીલી કેરી "કેસરી" થતી નથી એની "ચટણી" અને "છુંદો" બને છે.
- રાહુલ ગાંધીએ સામ પિત્રોડાને પુછ્યું "ગુરૂજી યે એક્ઝિટ પોલ મેં ક્યા હુઆ ?" પિત્રોડાએ જવાબ આપ્યો "હુઆ તો હુઆ"
- યે ટીવી ચૈનલ વાલે ભી બહુત હરામી હૈ, પુરે ચુનાવમેં મોદી-મોદી કરકે કોંગ્રેસીઓ કો જલાતે હૈ ઔર એક્ઝિટ પોલને બીજેપી કી જીત બતાકર જલે પર નમક છીડકતે હૈ... બેચારો કો કમસે કમ તીન દિન તક તો ચૈન સે સોને દેતે..!!!
- શેર અર્જ હૈ... મત પૂછો નફરત કા આલમ ગાલિબ, વો બચ્ચો કો ૫૫ કે બાદ ૫૭ પઢાતે હૈ, ક્યોંકી ૫૬ આતે હી બચ્ચે મોદી-મોદી ચિલ્લાતે હૈ.
- બ્રેકિંગ ન્યૂઝ... "રાહુલ ગાંધીએ એક્ઝિટ પોલનું રિ-કાઉન્ટીંગ માંગ્યું...!!"
- ટીચર : પીએમનું ફુલ ફોર્મ શું ? આખો વર્ગ : પાછા મોદી
- શાદીશુદા લોગ તો ૨૩ મે કા ફાલતુ મેં ઈંતઝાર કર રહે હૈ... ઘર મેં તો વહી સરકાર રહની હૈ જીસ મેં આપ મનમોહન બને રહેંગે..!!

# હવે, રેલવે મુસાફરોને ટ્રેનની ટિકિટ ઉધારમાં પણ આપશે

### જો ૧૪ દિવસમાં ભાડુ નહી ચૂકવાય તો આઇઆરસીટીસી ભાડા ઉપરાંત દંડ પણ વસૂલ કરશે : યાત્રીને થયેલ રાહત

ગાંધીનગર,તા. ૨૦

રેલ્વે તંત્ર દ્વારા હવે ટ્રેનમાં મુસાફરી કરતાં પ્રવાસીઓને બહુ મોટી રાહત આપતો નિર્ણય કર્યો છે અને તેના ભાગરૂપે હવે રેલ્વે તંત્ર મુસાફરોને ટ્રેનની



મુસાફરી માટે ટિકિટ ઉધારમાં આપશે એટલે કે, ટિકિટના પૈસા મુસાફરી પહેલા કે એ વખતે નહી ચૂકવવા પડે પરંતુ ૧૪ દિવસની અંદર ટિકિટના પૈસા પ્રવાસીએ રેલ્વે તંત્રને ચૂકવી દેવાના રહેશે. જો પ્રવાસી આ ૧૪ દિવસની નિયત સમયમર્યાદામાં ટિકિટના પૈસાની ચૂકવણી નહી કરે તો, રેલ્વે તંત્ર દ્વારા ભાડા ઉપરાંત દંડ અને સાડા ત્રણ ટકા એક્સ્ટ્રા સર્વિસ ચાર્જની વસૂલાત પણ કરશે.

ટ્રેનમાં મુસાફરી કરતા પ્રવાસીઓ માટે રેલવે વિભાગ દ્વારા બુક નાઉ, પે લેટરની એક અનોખી યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં પ્રવાસીઓને રેલવે ઉધારમાં ટિકિટ આપશે. જ્યારે મુસાફરોએ ૧૪ દિવસની અંદર ટિકિટના પૈસા ચૂકવવાના રહેશે. આ યોજના અંતર્ગત પ્રવાસીઓએ ટ્રેનની ટિકિટ બુક કરતા સમયે ભાડું નહીં ચૂકવવું પડે. પરંતુ ટિકિટ બુકિંગના ૧૪ દિવસમાં સ્વેચ્છિક રીતે ભાડું ચૂકવી શકે છે. નોંધનીય છે કે, અત્યાર સુધી આ સુવિધા માત્ર જનરલ રિઝર્વેશન માટે ઉપલબ્ધ હતી. બુક નાઉ પે લેટર યોજના અંતર્ગત મુસાફરોએ યાત્રાના પાંચ દિવસ પહેલા ટિકિટ બુક કરાવી પડશે, તેમજ ટિકિટ ખરીદયાના ૧૪ દિવસમાં પૈસા ચૂકવવાના રહેશે.

આ ભાડા ઉપરાંત મુસાફરોએ ૩.૫ ટકા એકસ્ટ્રા સર્વિસ ચાર્જ પણ ચૂકવવાનો રહેશે. જો ૧૪ દિવસ દરમિયાન ભાડું નહીં ચૂકવાય તો આઈઆરસીટીસી ભાડા ઉપરાંત દંડ પણ વસુલ કરશે. રેલવે વિભાગે આઈઆરસીટીસી વેબસાઈટના માધ્યમથી તત્કાલ ટિકિટ બુક કરવા માટે એક નવી સુવિધા શરૂ કરી છે. આઈઆરસીટીસી દ્વારા આ યોજના અંતર્ગત કેટલીક ખાનગી બેંકો સાથે ટાઈઅપ પણ કરવામાં આવ્યુ છે. ટિકિટ બુક કરનાર મુસાફરની ક્રેડિટ હિસ્ટ્રી, ઓનલાઈન પેમેન્ટ્સ અને ડિજીટલ ફૂટપ્રિન્ટના આધારે ટિકિટ ઉધાર આપવામાં આવશે. જો કે, રેલ્વે તંત્રની આ યોજના અને પ્રવાસીઓને રાહતભર્યા નિર્ણયને લઈ ટ્રેનમાં મુસાફરી કરતાં લાખો પ્રવાસીઓમાં પણ ભારે ખુશીની લાગણી ફેલાઈ છે.

# કેન્દ્રના હેલ્થ મિશનના ડાયરેક્ટર આજે પુંધરા, ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાતે

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલની પણ મુલાકાત લેશે અને વિડીયો કોન્ફરન્સ પણ કરશે

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગના અધિક સચિવ અને નેશનલ રૂરલ હેલ્થ મિશનના ડાયરેક્ટર ડૉ. ઝાલાણી આજે એક દિવસના જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ડૉ. ઝાલાણી તેમની ટીમ સાથે આવી રહ્યા છે. તેઓ જિલ્લાના પુંધરા અને ઉનાવા પ્રા.આરોગ્ય કેન્દ્ર જે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે ડેવલપ કરાયા છે તેની મુલાકાત લઈ અને કામગીરીની સમીક્ષા કરશે.

આ પછી તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની પણ મુલાકાત લેવાના છે. જેમાં લક્ષ્ય મિશન હેઠળ થયેલ કામગીરીની સમીક્ષા અને ચકાસણી કરશે. ડૉ. ઝાલાણી બપોરે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના અન્ય અધિકારીઓ સાથે પણ એન. આર. એચ. એમ.ના વિવિધ કાર્યક્રમોના અમલીકરણ અને તેને આનુસંગિક કામગીરી અંગે ચર્ચા-વિચારણા કરશે.

ડૉ. ઝાલાણીની આ મુલાકાતને લઈ તંત્ર દ્વારા એક ખાસ પાવર પોઈંટ પ્રેઝનેટેશન પણ તૈયાર કરવામાં આવેલ છે. તેઓ ઉનાવા પ્રા.આ. કેન્દ્ર ખાતે રૂફટોપ પ્લાન્ટેશન દ્વારા સજીવ ખેતી માટેના હાથ ધરાયેલા પ્રોજેક્ટને પણ ખાસ નિહાળવા માટે જઈ રહ્યા છે. તેમની આ મુલાકાત ટાણે રાજ્યના આરોગ્ય કમિશ્નરશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાશે.

# પીએસઆઈ આપઘાત કેસમાં ગૃહમંત્રીએ યોગ્ય તપાસની ખાતરી આપી

ગાંધીનગર, તા.૨૦

પીએસઆઈ દેવેન્દ્રસિંહ રાઠોડના આપઘાત કેસમાં તાત્કાલીક કાર્યવાહીની માંગ સાથે તેમના પત્ની ડિમ્પલ રાઠોડ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાને મળ્યા હતા.

ગૃહમંત્રીએ આ બનાવમાં ડીવાયએસપી એન.પી.પટેલની ધરપકડ સાથે ઝડપી તપાસની માંગ કરી હતી. જેને પગલે ગૃહમંત્રીએ ૧૦ દિવસમાં યોગ્ય તપાસની ખાતરી આપી હતી અને ૧૦ દિવસ પછી ડિમ્પલ રાઠોડને ફરી મળવાનો પણ સમય આપ્યો છે. ડિમ્પલ રાઠોડ સોમવારે સવારે અગીયાર વાગ્યાના અરસામાં સચિવાલય ખાતે પહોંચી ગયા હતા. ગૃહમંત્રી હાજર ન હોવાથી તેઓ બે કલાક બેસી રહ્યા હતા અને ત્યારબાદ બે કલાક બાદ ગૃહમંત્રી આવતા તેઓને મળીને યોગ્ય તપાસની ખાતરી આપતા તેઓ ગયા હતા.

આ પ્રસંગે તેઓએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે મારા પતિ માટે ન્યાયની માંગણી કરી એટલે હુ દોષિત બની ગઈ અને સુસાઈડ નોટમાં જેનુ નામ છે તે પકડાતા નથી અને નિવેદન પણ લઈ શકતા નથી. એ પાંચ માસથી ફરે છે અને ઓન ડ્યુટી છે.જયારે હુ આંતકવાદી હોવ તેમ મને પોલીસ સાથે લઈ જવામાં આવે છે અને આ તંત્રએ મને સચિવાલયમાં બ્લોક કરી દીધી છે.

# જિલ્લા કોંગ્રેસ સ્વ. રાજીવ ગાંધીને આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૦

આધુનિક ભારતના શિલ્પી અને ભારત રત્ન દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતિથીને ભારત વર્ષના પ્રજાજનો દ્વારા સદ્ભાવના દિવસ તરીકે મનાવાય છે. ત્યારે આજે સવારે ૧૦ વાગ્યે સે. ૨૨ સ્થિત જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ નિમિત્તે શહેરના પ્રથમ વખત મતદાન કરનાર યુવાનો અને ચૂંટાયેલા મહિલાઓનું સન્માન કરવામાં આવશે.




અમૂલ
દૂધ

## એ રાષ્ટ્રનું પોષણ કરે છે.
## એણે પોતાના પરિવારનું પણ પોષણ કરવાનું છે.

અમારા માનવંતા ઉપભોક્તાઓને અમે જણાવવા ઈચ્છીએ છીએ કે અમૂલ દૂધ માટે આપના દ્વારા ચુકવવામાં આવેલા પ્રત્યેક રૂપિયામાંથી લગભગ 80 પૈસા દૂધ ઉત્પાદકોને પરત કરાય છે, અને દુનિયાના આ ભાગમાં કિંમતની દૃષ્ટિએ ઉપભોક્તા– ઉત્પાદક વચ્ચેનું એ શ્રેષ્ઠ પ્રમાણ છે. દૂધ ઉત્પાદકો દૂધનું ઉત્પાદન કરતા રહે તે માટે જરૂરી છે કે તેઓ ઉત્પાદન ખર્ચને પહોંચી વળે, અને પોતાની આજીવિકા રળે.

પશુ આહારના કાચા માલના ભાવ અને મજૂરી ખર્ચમાં વધારો થવાના કારણે દૂધ ઉત્પાદન ખર્ચ વધ્યો છે. એની અસર ગુજરાતની ડેરી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા 36 લાખ ખેડૂત પરિવારોને થાય છે.

પરિણામે, એ ખર્ચમાં વધારાનો એક હિસ્સો અમારા ઉપભોક્તાઓ પાસેથી લેવાની અમને ફરજ પડી છે. લગભગ બે વર્ષ પછી, અમૂલ દૂધની કિંમતોમાં માત્ર ₹ 2 પ્રતિ લીટરનો વધારો થઈ રહ્યો છે. આ કિંમત વધારો સીધો દૂધ ઉત્પાદકોને પહોંચે છે અને વચેટિયાઓના ખિસ્સામાં નથી જતો.

**આ નવી કિંમતો તા. 21 મે, 2019થી અમદાવાદ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અમલી બનશે.**

| પ્રકાર | SKU | હાલની એમઆરપી* (₹) | નવી એમઆરપી* (₹) |
|---|---|---|---|
| અમૂલ ગોલ્ડ | 500 મિલી | 26 | 27 |
| અમૂલ શક્તિ | 500 મિલી | 24 | 25 |
| ટી – સ્પેશ્યલ | 1 લીટર | 48 | 50 |
| અમૂલ તાજા | 500 મિલી | 20 | 21 |
| | 1 લીટર | 39 | 41 |
| | 200 મિલી | 8.5 | 9 |
| અમૂલ સ્લિમ 'એન' ટ્રિમ | 200 મિલી | 8 | કોઈ ફેરફાર નહીં |
| | 250 મિલી | 10 | કોઈ ફેરફાર નહીં |
| અમૂલ ગાયનું દૂધ | 500 મિલી | 22 | કોઈ ફેરફાર નહીં |
| અમૂલ ડાયમંડ | 500 મિલી | 27 | 28 |
| અમૂલ ચ્હા મઝા | 500 મિલી | 20 | 21 |
| | 1 લીટર | 39 | 41 |




*એમઆરપી (બધાં કરવેરા સહિત) શરતો લાગુ.

વધુ જાણકારી માટે કૃપા કરી અમારો સંપર્ક કરોઃ ગુજરાતઃ 079 - 23969055 / 56 / 57
ટોલ ફ્રી નં.: 1800-258-3333

11184043GUJ


# ઈલેક્ટ્રોથર્મના ૧૭૫ કરોડના કૌભાંડમાં એનસીએલટીમાં અરજી

અમદાવાદ, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એકબાજુ, બોગસ શેલ કંપનીઓના નામે કરોડોના ટ્રાન્ઝેકશન કરનારી કંપનીઓ પર તવાઈ બોલાવાઈ રહી છે ત્યારે અમદાવાદની ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના મેનેજીંગ ડિરેકટર શૈલેષ ભંડારી, તેના ભાઈ નાગેશ ભંડારી અને તેના મળતીયાઓ દ્વારા ૮૫થી વધુ બોગસ શેલ કંપનીઓ ઉભી કરી, ખોટી રીતે લેટર ઓફ ક્રેડિટ ઓપન કરી(ખોલી) અને ગેરકાયદે શેર્સ ટ્રાન્ઝેકશન કરી રૂ.૧૭૫ કરોડથી પણ વધુના ગોટાળા અને કૌભાંડ આચરવાના પ્રકરણમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ(એનસીએલટી)માં ૧૯૦૦ પાનાની બહુ મહત્વની પિટિશન દાખલ થઈ છે. ખુદ કંપનીના જ ડાયેરકટર સિધ્ધાર્થ ભંડારી દ્વારા દાખલ કરાયેલી પિટિશનની સુનાવણીના અંતે કૌભાંડની ગંભીરતા ધ્યાને લઈ એનસીએલટી દ્વારા સમગ્ર કેસમાં ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના એમડી શૈલેષ ભંડારી, તેના ભાઈ નાગેશ ભંડારી, સેબી, રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ સહિતના ૧૬ પક્ષકારોને નોટિસ જારી કરાઈ છે. વધુમાં, એનસીએલટીએ બે સપ્તાહમાં તેમના વાંધાઓ ફાઈલ કરી દેવા અને તેની નકલ અરજદારપને પણ પૂરી પાડવા પ્રતિવાદી પક્ષકારોને તાકીદ કરી છે. એનસીએલટી દ્વારા કેસની વધુ સુનાવણી જૂલાઈ માસમાં મુકરર કરવામાં આવી છે.

ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના ડાયરેકટર સિધ્ધાર્થ ભંડારી તથા અન્યો દ્વારા એનસીએલટી સમક્ષ કરાયેલી ૧૯૦૦ પાનાની આ પિટિશનમાં ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના મેનેજીંગ ડિરેકટર શૈલેષ ભંડારી દ્વારા સમગ્ર ઈલેક્ટ્રોથર્મ કંપની હડપ કરવાના ષડયંત્રમાં તેના ભાઈ નાગેશ ભંડારી સહિતના લોકોની સંડોવણી હોવાના ગંભીર આરોપ લગાવવામાં આવ્યા છે. પિટિશનમાં સિનિયર એડવોકેટ અશોક મહેતાએ મહત્વની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.એ લીસ્ટેડ કંપની છે અને તેના ૬૫૦૦થી વધુ શેર હોલ્ડર્સ છે. લાખો રોકાણકારોનું હિત સીધી અને આડકતરી રીતે કંપની સાથે સંકળાયેલું છે. અરજદાર સને ૨૦૧૭માં કંપનીના ડાયરેકટર બન્યા ત્યારે બુકસ ઓફ એકાઉન્ટની ચકાસણી દરમ્યાન ઈલેકટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના મેનેજીંગ ડિરેકટર શૈલેષ ભંડારી,

**ઇલેકટ્રોથર્મ ઇન્ડિયાના એમડી શૈલેષ ભંડારી, તેમના ભાઇ નાગેશ ભંડારી, સેબી અને રજિસ્ટ્રાર ઓફ કંપનીને નોટીસ**

તેમના ભાઈ નાગેશ ભંડારી અને તેમના અન્ય મળતીયાઓ અશોક આર.ભંડારી સહિતના લોકો દ્વારા કંપનીમાં કરોડો રૂપિયાનું કૌભાંડ આચરાઈ રહ્યું હોવાની વાત તેમના ધ્યાન પર આવી હતી. ઈલેક્ટ્રોથર્મના મેનેજીંગ ડિરેકટર શૈલેષ ભંડારી અને તેના મળતીયાઓએ ઈલેક્ટ્રોથર્મના ભંડોળમાંથી રૂ.૫૮ કરોડ તેમના પર્સનલ યુઝ અને વેસ્ટર્ન ઈન્ડિયા સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ લિ. કંપની હસ્તગત કરવા ડાયવર્ટ કર્યા હતા. શૈલેષ ભંડારી ઈલેક્ટ્રોથર્મ કંપનીના એમડી હોઈ ફાયનાન્સ અને બેંકીંગનું કામ સંભાળતા હોઈ તેમણે સત્તાનો દૂરપયોગ કરી ૮૫ જેટલી બોગસ શેલ કંપનીઓ મારફતે રૂ.૫૮ કરોડનું કંપનીનું ભંડોળ ગેરકાયદે રીતે ડાયવર્ટ કરી વેસ્ટર્ન ઈન્ડિયા સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ લિ. પર કંટ્રોલ કરી લીધો હતો. શૈલેષ ભંડારી અને તેમના ભાઈ નાગેશ ભંડારી બોગસ શેલ કંપનીઓ ઉભી કરવા માટે અને બેનામી શેર્સ ટ્રાન્ઝેકશનના ગોટાળા માટે કંપનીઝ એકટ અને કોર્પોરેટ લોની જોગવાઈઓનું સરેઆમ ઉલ્લંઘન કરી નોટોરીયસ મેથડ અપનાવી રહ્યા છે. આ જ પ્રકારે ઈલેક્ટ્રોથર્મ કંપનીના જ રૂ.૩૦ કરોડના ભંડોળનો દૂરપયોગ કરી સીંગાપોરની બે કંપનીઓ કેસલસાઈન પીટીઈ લિ. અને લીડહેવન પીટીઈ લિ. સાથે ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના દસ-દસ લાખ શેર ટ્રાન્ઝેકશન થયા હતા. બંને કંપનીઓ ૨૦૧૪થી ૨૦૧૮ સુધી સ્ટ્રક ઓફ (ફડચામાં ગયેલી) હતી. પરંતુ નવેમ્બર-૨૦૧૮માં પાછળથી રિસ્ટોર(પુર્નજીવિત) થઈ હતી.